## વાલીઓ, સંતાનો, વડીલ જ્ઞાતિજનો આ લેખ વાંચો...વિચારો...જાગો !

## આ શું થવા જઈ રહયું છે ? ઈલાજ જરૂરી છે....

(જ્ઞાતિમાં સગપણ વિચ્છેદ, છૂટાછેડાનું પ્રમાણ ઘણું વધી રહેલ છે ત્યારે જ્ઞાતિ માટે આદર અને ગૌરવભાવ ધરાવતા અને આવા 'સોશ્યલ કેસ' જેમની પાસે આવે છે તેવા રાજકોટના જાણીતા એડવોકેટે જૂની-નવી પેઢી માટે આક્રોશ સાથે સૌને વિચારતા કરતા દરેક મુદ્દાઓ આવરી લઈ આ 'મંથન' કરવા જેવો લેખ લખી મોકલેલ છે...જે અત્રે સાભાર પ્રસ્તુત છે.-તંત્રી)

આપણી નાગર જ્ઞાતિ તમામ વર્ણોમા ઉચ્ચ સ્થાન ધરાવે છે તેમજ દરેક જગ્યાએ નાગર તરીકે ની આપણી પ્રતિભા છાની રહેતી નથી. નાગર મુસ્તદી હોવાને કારણે રાજાશાહીથી રાજાના સલાહકાર કારભારી તરીકે કાર્યરત હતા કારણ કોઈપણ મુદ્દા ઉપર ઉંડાણપૂર્વકનો અભ્યાસ અને વફાદારીપૂર્વક કામગીરી કરતું વ્યકિતત્વ ધરાવીએ છીએ.આ ઓળખ જાળવી રાખવાની હાલની તકે ખુબ જ જરૂરી હોય તેવું જણાય છે. ખાસ કરીને યુવાપેઢી આ હકીકતથી માહિતગાર હોવા છતાં તેને સાર્થક કરવા માટે સક્ષમ છે ? તે એક પ્રશ્ન છે.

શિક્ષણમાં આપણી જ્ઞાતિની પ્રતિભા ખુબ ઉચ્ચ છે.ડોકટર કોઈપણ ફેકલ્ટીમાં એન્જીનીયર, વકીલ કે અન્ય ઉચ્ચ જગ્યાએ આપણી જ્ઞાતિ આજે પણ અગ્ર છે. પરંતુ મુત્સદીપણાનું મહત્વ ઘટી ગયું હોય તેવી પ્રતિતિ થાય છે. માત્ર મુત્સદી હોવું જરૂરી નથી પણ સાથોસાથ વફાદારીપૂર્વક વર્તવું પણ એટલું જ મહત્વનું છે. માત્ર પોતાની નોકરી કે વ્યવસાય માટે આ જરૂરી છે તેવું નથી, કૌટુંબિક ક્ષેત્રે પણ જરૂરી છે. સામાજિક ક્ષેત્રે ખુબ જ સિધ્ધિ મેળવ્યા બાદ શું પોતે પોતાને કે પોતાનાને વફાદાર છે? તેવો પ્રશ્ન ધીરે ધીરે ઉભો થતો જાય છે. આ પ્રશ્નનો તાત્કાલિક જવાબ શોધવામાં જો આપણે નિષ્ફળ જઇશું તો ભવિષ્યમાં અંધકારમય સ્થિતિનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાય તેવો ભય છે.

કોઈપણ સમાજમાં લગ્નનું મહત્વ અનોખું છે. સામાન્ય રીતે લગ્ન એટલે બે કુંટુંબો વચ્ચેનો મેળાપ. પહેલાના જમાનામાં માત્ર કુટુંબની ઓળખ ઉપર સંતાનોની સગાઈ નકકી થતી. કયારેય બંન્ને પાત્ર મળ્યા ન હોય,અત્યારની પધ્ધતિ મુજબ ઈન્ટરવ્યુ લેવાયા ન હોય તેમ છતાં આ સંબંધો બંધાતા અને જે આજે ૫૦-૭૫ વર્ષ સુધી સુવ્યવસ્થિત રીતે, વફાદાર રીતે બંધાયેલ રહેલ છે. અત્યારની સિથતિ ખુબ જ વિચાર માંગી લે તેમ છે. ઈન્ટરનેટથી થતી આછેરી ઓળખ, માત્ર આર્થિક સ્થિતિને અપાતું મહત્વ, દેખાદેખી તેમજ અતિ મહત્વનું કહી શકાય તે વડીલો પ્રત્યે અવિશ્વાસ. સંબંધો નકકી કરવામાં પત્રવ્યવહાર એક મહત્વનો ભાગ ભજવતું તે અત્યારે ઈન્ટરનેટ પર જોઈ સંબંધો નકકી કરવામાં આવે છે. કોણ કોનું કઈ રીતે સગું છે એની હકીકત જાણ્યા વગર કુંટુંબ કેવું છે, વડીલો કોણ છે તેવી હકીકતો વિચાર્યા વગર માત્ર પોતે બે પાત્રો એકબીજાના દેખાવ અને મેળવેલ ડિગ્રી તથા આર્થિક ઉપાર્જન કેટલુ છે તે હકીકત જોઈ સંબંધો નકકી કરે છે. આ પધ્ધતિ સંબંધોની ગરિમા ઘટાડી જાય છે તેવું શરૂઆતથી જ લાગે છે.

સગાઈ બાદ ખોળા પાથરવા જવાનો રિવાજ... જયાં કુટુંબીજનોની ઓળખાણ થતી તેમજ કુટુંબના અન્ય ઉમેદવારો છે તેઓની સગાઈ સગપણની વાતો પણ શરૂ થતી,હવે વિદેશી પધ્ધતિઓનો પગપેસારો થતાં રીંગ સેરેમની, જયાં માત્ર લગ્નના સાત ફેરાની જ ખામી હોય છે તે રીતનો ખર્ચ તેમજ રીસેપ્શન જેવો મહોલ થાય છે જેથી મુખ્ય ઉદ્દેશ એક તરફ રહી જાય છે. યુવાનો લગ્ન બાદ પોતાની ડિગ્રી અને

નોકરીના મદમાં એકબીજા પ્રત્યેની જવાબદારી અને વફાદારી ચુકી જતાં હોય તેવું દેખાય છે.

લગ્ન સંબંધો તૂટવાનું પ્રમાણ આપણી જ્ઞાતિમાં વધી રહયું છે તે અંગે જ્ઞાતિના આગેવાનોએ તેમજ વડીલો એ આગળ આવી અને આ પ્રશ્નનું નિરાકરણ કરવું અતિ આવશ્યક બની ગયેલ છે. અત્યારે જ્ઞાતિમાં છુટાછેડા રમત રમતમાં થતા હોય તેવી સ્થિતિ થયેલ છે. તાજેતરમાં જ અમુક કિસ્સા જુઓ તો છુટાછેડા માટે નું ખરૂં અને વ્યાજબી કારણ શું છે તે શોધવું મુશ્કેલ બને છે. ખુબ જ જાહોજલાલી વાળા લગ્ન,ખુબજ મોટો ખર્ચ,સારામા સારી વાડી, પાર્ટી પ્લોટમાં રીસેપ્શન તેમજ પરદેશમાં હનીમુન કરવા જવાનો ક્રેઝ વધતો જાય છે તેને આપણે સ્ટેટસ ગણીએ છીએ.

છેલ્લા કેટલાક કિસ્સાઓ તો એવા છે કે જેમાં લગ્નના ખર્ચના બિલ પણ ન ચુકવાયાં હોય ત્યાં યુગલ વચ્ચે ચણભણ શરૂ થઈ જાય છેને માવતર ચાલ્યા જવાનું જાણવા મળે છે. આ તબકકે એવો અનુભવ થાય છે કે આપણી મુત્સદી અને વફાદારીની ઓળખ કયાં ગઈ ? લગ્નની સપ્તપદીના એ વચનોનું શું થયું કે માત્ર વિધિ તરીકે જ યોગ્ય છે ? આપણી જાત માટે કે આપણા સાથીદાર પ્રત્યે જો આપણે સમજપૂર્વક નહી રહીએ તો ભવિષ્યમાં શું થશે ? વડીલોના વિચાર વ્યવહારની કોઈ કિંમત નહી રહે અને લગ્ન અને છુટાછેડાની રમત રમાયા કરશે. કાયદો કાયદાની જગ્યાએ છે પરંતુ બે પરિવારો કોઈપણ પ્રકારના વ્યાજબી અને યોગ્ય કારણ વગર વિખૂટા પડતા જશે ત્યારે સમાજમાં છુટાછેડાનું કારણ શું આપવું તે વિચાર કરતા થઈ જાય છે જેનાથી તે જ કુટુંબના અન્ય ઉમેદવાર યુવાનો અને યુવતીઓની ઓળખ ખરડાય છે.ખરેખર તો બંન્ને પરિવારની સામાજિક પ્રતિષ્ઠાને હાની પહોંચે છે.

"હવે તો નાગર જ્ઞાતિમાં પણ છુટાછેડા થવા માંડયા" જેવા શબ્દો પણ સાંભળવા પડે છે ત્યારે શરમથી માથું નીચે ઝુકી જાય છે. લગ્નેતર સંબંધોની ગંભીરતા સમજયા વગર તેને રમત તરીકે રમતા યુવાનોમાંથી આ રોગનો જડમુળથી નાશ કરવાની કટિબધ્ધતા સાથે આપણે સર્વએ એક સાથે કામ કરવાનો અને યુવાવર્ગ ને આ અહમના વ્યસનમાંથી મુકત કરવા માટેનો સમય પાકી ગયો હોય તેવું જણાય છે. આ બાબત જરૂર પડે સેમીનાર કે સલાહ કેન્દ્ર શરૂ કરી આપણી જ્ઞાતિના વડીલો, આગેવાનોએ અભિયાન ઉપાડવું પડે તે સમય આવી ગયેલ છે. આપણી જ્ઞાતિના અમુક સંનિષ્ઠ સામાજીક કાર્યકરો આ બાબતે આગળ આવેલ છે જે સારી વાત છે પરંતુ તેઓએ પણ સમજાવવાની પધ્ધતિ અને જ્ઞાતિભાવના સાથે ખંતથી પ્રયત્નો કરવા આવશ્યક છે. ટૂંકમાં વ્યાપક રીતે પ્રસરતા જતા આ રોગનો તાત્કાલિક ઈલાજ કરવા આપણે સૌ એ સાથે મળી કાર્યરત થવું જોઈએ.

( અમે ઉમેરીએ... પ્રથમ તો સગપણ પહેલાં જ તમે -સંતાનો-તમારા વિચારો,ઈચ્છા,અપેક્ષાની નિખાલસ ચર્ચા-સ્પષ્ટતા કરો આજના વાલીઓને પણ આ વાત લાગુ પડે છે, (કારણ કેટલાક કિસ્સાઓમાં વાલીઓ છૂટાછેડા માટે સોદાબાજીની હદે પહોંચ્યાનું પણ જાણવા મળેલ છે) જેથી બંને પાત્ર/કુટુંબનું ભવિષ્ય બગડે નહીં. અને સગપણ કે લગ્ન પછી બંને પક્ષના પાત્રના ભવિષ્યનો, બંને કુટુંબની પ્રતિષ્ઠા, ભાઈ બહેનોનો વિચાર કરો, આજે પણ ગૌરવ ધરાવતી આપણી જ્ઞાતિની, વડવાઓની પ્રતિષ્ઠાનો વિચાર કરો...કલ્યાણકારી ઉદેશ માટે બાંધછોડ કરવી પડે તો કરો..કુટુંબ જુઓ.ભૌતિક અપેક્ષાઓ-અભ્યાસ માં બાંધછોડ કરો. બાહય દેખાવ કે આડંબરમાં તણાવ નહીં..ચર્ચા -સંવાદ કરો. સ્વતંત્ર રહો પરંતુ સ્વચ્છંદી ન બનો !) આ બાબતે વધુ છણાવટ, ઉપાય, ઉકેલ માટે જાગૃત જ્ઞાતિજનો, સંસ્થાઓ-કાર્યકરોએ, ચર્ચા-વિચારણા કરવાથી તેમજ સારા વકતાઓના ડીબેટ યોજવાથી આ બાબતનો ઉકેલ શકય છે...શું લાગે છે ?...મંતવ્યો આવકાર્ય છે.-તંત્રી (સંકલીત સુવાકયો : શ્રીમતી જયશ્રી પી. વોરા, રાજકોટ.)

# સમાચાર સંચય

⊠ **રાજકોટ :** શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની યાદી જણાવે છે કે જ્ઞાતિના રાજકોટના સ્થાનિક વિદ્યાર્થીઓને દર વર્ષ મુજબ પારિતોષીક આપવામાં આવનાર છે. લોઅર કે.જી. થી ૪ સુધી ૮૦% ધો. ૫ થી ૯ ૮૫% ધો. ૧૦ થી ૧૨માં ૮૦% સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તેમજ માનસિક ક્ષતિ ધરાવતા દરેક વિદ્યાર્થીઓને (ટકાબાધ વગર) પોતાના નામ સરનામા ફોન નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ શ્રી એન. જે. વૈદ્ય, ૧૧ સુભાષનગર ફોન : ૨૪૭૩૬૮૨ અથવા શ્રી મકરંદભાઈ એમ. વોરા, મંદાર, ૫,વૈશાલીનગર ફોન : ૨૪૫ ૨૪૯૨ અથવા શ્રીમતી કામિનીબેન ઝાલા, કર્મયોગ, રિધ્ધિસિધ્ધિ પાર્ક, રૈયા રોડ, રાજકોટને તા. ૧૫/૯/૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

⊠ શ્રી સ. ના. જ્ઞાતિ સર્વમંગલ ટ્રસ્ટના મંત્રીશ્રી મધુકરભાઈ વૈશ્નવે સ્વૈચ્છીક રાજીનામું આપતાં શ્રી હરીહરભાઈ માફુની મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી.

⊠ અત્રેના પરિમલ મહેશભાઈ દેસાઈનાં પુત્રી કુ. હલકને રાજકોટની સનશાઈન સ્કૂલના ધો. ૧થી ૫ના ૩૫૦ બાળકોને નૃત્યની તાલિમ આપવા માટે કરારબધ્ધ કર્યા. શાળાના વાર્ષિકોત્સવમાં તેણીએ કરેલ કોરીઓગ્રાફી કરેલ ૧૨ રચના રજૂ કરતાં પ્રેક્ષકોની દાદ મેળવી. કથ્થક નૃત્ય શૈલીનો ત્રણ વર્ષનો અભ્યાસ કરેલ છે.આ ઉપરાંત સારા તૈરાક છે. તેણી ત્રીજા વર્ષ હોમસાયન્સમાં અભ્યાસ કરી રહયાં છે.

⊠ શ્રી કલ્પેન્દ્ર એમ. બક્ષી સેન્ટ્રલ બેંકમાંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.

⊠ માધવ ભદ્રાયુ ધોળકિયા બી.ઇ.(આઇટી)માં ઉત્તીર્ણ થઈ મૈસુર ખાતે ઈન્ફોસીસ કંપનીમાં ટ્રેઇની સીસ્ટમ એન્જીનીયર તરીકે જોડાયા.

⊠ અંકિત કમલેશભાઈ માંકડ એમ.બી.એ.માં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ દિલ્હી સ્થિત પાલ કોર્પોરેશનમાં જોડાયા.

⊠ અત્રેના જ્ઞાતિ અગ્રણી મનહરભાઈ વૈષ્ણવ તથા નલિનીબેન વૈષ્ણવનાં પુત્રી કુ.કોમલ વૈષ્ણવ રાજકોટની લાયનેસ કલબમાં વર્ષોથી કાર્યરત છે. બે વર્ષ સેક્રેટરી પદે રહી ચૂકયા બાદ તાજેતરમાં ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ માટે વાઈસ પ્રેસીડન્ટ(૩) તરીકે વરણી પામ્યાં છે. તા. ૩ જુલાઈના રોજ યોજાયેલ લાયન્સ કલબ રાજકોટ મેઈન અને લાયનેસ કલબ રાજકોટ મેઈનના શપથગ્રહણ સમારંભનું સંપૂર્ણ સંચાલન બેનશ્રી કોમલ દ્વારા કરવામાં આવેલ. તેમની કાર્યક્રમ સંચાલનની આગવી કલાશૈલીને કારણે પટેલ સમાજના એક વિદ્યાર્થીસન્માન સમારંભ કાર્યક્રમમાં પણ રજુઆત અને કાર્યક્રમ સંચાલન માટે આમંત્રીત કરવામાં આવેલ જે બદલ તેમને પુરસ્કૃત પણ કરાયેલાં. હાલ તેઓ લાયબ્રેરીયન તરીકે સરદાર સ્મારકમાં સેવા આપી રહયા છે.

⊠ **અમદાવાદ :** નાહોટા ગ્રુપ ઓફ કંપનીઝમાં એક્ષપોર્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા ભાવિન હર્ષકાન્ત ભાઈ વસાવડા કંપનીના કાર્યાર્થે જર્મની જઈ આવ્યા.

⊠ રીલાયન્સ બ્રાન્ડ લી.માં આસી. વાઇસ પ્રેસીડન્ટ તરીકે ફરજ બજાવતા નિરાગી હર્ષકાન્તભાઈ વસાવડા કંપનીના કાર્યાર્થે હોંગકોંગ, ઈટાલી, લંડન,સ્કોટલેન્ડની મુલાકાતે જઈ આવ્યા.

⊠ શ્રી ઉમેશ ઢેબર,પ્રદ્યુમ્નભાઈ ઢેબર સપરિવાર ચારધામની યાત્રા કરી આવ્યા.

⊠ શ્રી કચ્છી નાગર મંડળની યાદી અનુસાર દર વર્ષ મુજબ ધો. ૧૦-૧૨ના શૈક્ષણિક પારિતોષીકો માટે મંડળના પરિવારના બાળકોએ પોતાની માર્કશીટની નકલ તા. ૩૧-૮-૧૧ પહેલાં મંત્રીશ્રી જગદીશ

બી. માંકડ, ૩૧ વ્રજધામ સોસાયટી, અક્ષર ચોક, જૂના પાદરા રોડ, વડોદરાને સરનામે મોકલી આપવી.

⊠ સ્વ. મનસુખલાલ મગનલાલ અંતાણી સ્મારક ફંડ, ડો. છબીલદાસ સોમજી ધોળકિયા તથા સ્વ. ઈન્દુમતિ ધોળકિયા સ્મારક તરફથી ફકત વડોદરા સ્થિત કચ્છી નાગર/ના.બ્રા. પરિવારના ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પારિતોષીકો માટે પોતાની માર્કશીટની નકલ તા. ૧૫-૮-૧૧ પહેલાં શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ, ૧૪/એ, ભવાની સોસાયટી,કારેલીબાગ,વડોદરા-૨૨ ખાતે મોકલી આપવી.

⊠ સ્વ. શ્રીમતી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ટ્રસ્ટ વડોદરા સ્થિત કચ્છી નાગર/ના.બ્રા. પરિવારના વિદ્યાર્થીઓએ જેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧માં ડીગ્રી/પીજી ડીગ્રી અથવા સમકક્ષ સી.એ., સીએસ.,એમબીએ પદવી મેળવેલ હોય તેઓએ પોતાની માર્કશીટની નકલ તા. ૧૫-૮-૧૧ પહેલાં શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ, ૧૪/એ, ભવાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૨૨ ખાતે મોકલી આપવી.

⊠ સંસ્કૃત સાહિત્ય અકાદમી ગુજરાત સરકાર ગાંધીનગર આયોજીત કાર્યક્રમમાં શાકુન્તલ વિદાય દર્શાવતું સંપૂર્ણ સંસ્કૃત ભાષામાં રજૂ કરવામાં આવેલ નાટકમાં અત્રેનાં કુ. મુગ્ધા દેસાઈએ 'પ્રિયંવદા'નું પાત્ર ભજવી પુરસ્કાર મેળવ્યો. તેણી કોલેજમાં સી.આર. તરીકે સર્વાનુમતે પસંદગી પામ્યાં.

⊠ વનમેન શો તથા હાસ્યસાથીઓના સથવારે સ્થપાયેલી મનદુરસ્ત કલબ વડોદરા દ્વારા મૌલિક રમૂજી ટૂચકા સ્પર્ધા યોજવામાં આવેલ છે. વધુ માહિતી માટે ડો. રાજેન્દ્રભાઈ હાથી, ૦૨૬૫-૨૬૪૪૬૩૨/૯૪૦૯૦૨૭૬૧૦નો સંપર્ક સાધવા વિનંતી.

⊠ **ગોધરા :** જામનગરના અત્રે વર્ગ-૨ અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી અભિષેક રમેશભાઈ વછરાજાની તાજેતરમાં 'સ્વર્ણિમ ગુજરાત' અંતર્ગત વડોદરા તથા પંચમહાલ જીલ્લાના કલેકટર તેમજ અન્ય પદાધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રી સાથે યોજાયેલ વિડીયોકોન્ફરન્સમાં આમંત્રિત થયેલ.

⊠ **જૂનાગઢ :** અત્રે આયુર્વેદિક કોલેજમાં લેકચરર વર્ગ-૧ તરીકે ફરજ બજાવતાં ડો. નલિની લક્ષ્મીપ્રસાદ વસાવડા કાર્યકારી પ્રિન્સીપાલ તરીકે નિમાયાં.

⊠ છેલ્લાં વીસ વર્ષથી અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ કરી રહેલ નાગર ફ્રેન્ડઝ કલબ દ્વારા દેશપરદેશના દાતાઓના અનુદાનથી દર વર્ષ મુજબ આ વર્ષે તા. ૬/૬થી ૧૧/૬ દરમ્યાન રાહતભાવે નોટબુક, રજીસ્ટર તથા દફતરનું વિતરણ પ્રમુખશ્રી નીરજભાઈ વૈશ્નવના નિવાસસ્થાને કરવામાં આવેલ. જેનો ૩૦૦ જેટલાં બાળકોએ લાભ લીધો. (આજના શિક્ષણના ધંધામાં મોંઘાભાવની થોકબંધ નોટચોપડાની જરૂરીયાત સામે વાલીઓને રાહત આપતી સત્પ્રવૃતિ બદલ સંસ્થા- દાતાઓને ધન્યવાદ ઘટે.)

⊠ ચિંતન હરીશભાઈ વૈશ્નવ દ્વારકાધીશ મંદિરના વહીવટદાર તરીકે નિમાયા.

⊠ કુ. યાત્રી હરીશભાઈ વૈશ્નવ નોબત એન્જી. કોલેજમાં આસી. પ્રોફેસર તરીકે નિમાયાં.

⊠ **ભુજ :** ખ્યાત અતુલભાઈ અંજારીયાને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

⊠ શ્રી વ.ના.મંડળ ભુજનો ૯૫મો વાર્ષિકોત્સવ તા. ૧૦/૭ના રોજ હાટકેશ કોમ્પલેક્ષ ખાતે સંસ્થાના પ્રમુખપદે, શ્રી અતુલભાઈ મહેતા,રૂદ્રપ્રસાદભાઈ અંતાણી તથા આંખના સર્જન શ્રી નિર્મીત્તભાઈ દિક્ષીતના અતિથિવિશેષ પદે યોજાય ગયો.જેમાં તેજસ્વી તારલાઓને પારિતોષીક વિતરણ કરવામાં આવેલ.

⊠ **જામનગર :** શ્રી નાગર મહિલા મંડળની મીટીંગ ૨૫ જૂનના રોજ નાગર બ્રા.ની વાડી ખાતે યોજાય ગઈ. જેમાં દિકરી વ્હાલનો દરિયો અંતર્ગત સભ્ય બહેનોને સંતાનમાં માત્ર દીકરી હોય તેવા ૨૦ યુગલને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જાણીતા તબીબ ડો. જયેશભાઈ ઝાલાએ ઉપસ્થિત રહી સમાજમાં દીકરીના મહત્વ વિષયક વકતવ્ય આપેલ.સોનલ નાણાવટીના માર્ગદર્શન હેઠળના કાર્યક્રમના અંતે અલ્પાહાર લઈ સૌ છૂટા પડેલ.

# ------ લગ્નવિષયક જાહેરાત ------

લગ્ન વિષયક જાહેરાતના ફોન નંબર મેળવવા કાગળ, પેન તૈયાર રાખી સવારે ૧૧ થી ૧૨ કે રાત્રે ૮ થી ૯ દરમ્યાન માત્ર ૦૨૮૧- ૨૪૫૩૦૬૩ ઉપર જ ફોન કરશો. -તંત્રી

(૧) બી. ઇ. (સીઇ) જ. ૨/૧૯૮૯, ઉંચાઈ ૫'.૧૦", બેંગલોર ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૨) બી. ઇ. (સીઇ) જ. ૧૨/૧૯૮૩, ઉંચાઈ ૫'.૩", રાષ્ટ્રીયકૃત બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતી વિસનગરા કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-મો.

(૩) ડીપ્લોમા નેટ/હાર્ડવર્કીંગ એન્જી. જ. ૧૧/૧૯૯૦, ૫'.૩" ઉંચાઈના, ફેકલ્ટી તરીકે કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-મો.

(૪) બી.કોમ., ટેલી ડીપ્લોમા નેટવર્કીંગ એન્જી. જ. ૬/૧૯૮૩, ઉંચાઈ ૫'.૬"લી. કંપનીમાં એકાઉન્ટ એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા (સાદો મંગળ) યુવકને કન્યા.૦૨૭૮-મો.

(૫) ડીપ્લોમા ઓટો. એન્જી. જ. ૧/૧૯૮૩, ૬' ઉંચાઈના,ઓટો કંપનીમાં પીડીઆઇ ઇન્ચાર્જ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫- મો.

(૬) પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન રીટેલ મેનેજમેન્ટ, જ. ૬/૧૯૮૨ ઉંચાઈ ૫', ફીટનેસ ફર્મમાં નોકરી કરતી મુંબઈ સ્થિત કન્યાને યુવક. સંપર્ક : ૦૨૨- મો.

(૭) એમ. એ., પી.એચડી. (ચાલુ) જ. ૧૦/૧૯૮૬, ઉંચાઈ ૫', સૌ. યુનિ.માં લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક : ૦૨૮૮-

(૮) બી. ઇ. (આઇટી) જ. ૧૨/૧૯૮૭, ઉંચાઈ ૫'.૭", ટયુશન કરતી વિસનગરા (શનિ છે)કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-મો.

(૯) બી.ઇ.(ઇલેકટ્રોનીકસ) જ. ૧૦/૧૯૮૭, ઉંચાઈ ૫'.૨", ટાટા કન્સ.માં નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૦) એમ.એસ.સી.(બાયોટેક) ૧૧/૧૯૮૮, ૫'.૬" ઉંચાઈની નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૧) એમ.એ., ૩/૧૯૭૫ લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : મો. ૯૪૨૬૨૪૭૭૧૭

(૧૨) બી.કોમ., જ. ૪/૧૯૮૭ ઉંચાઈ ૫'.૨" પ્રા. લી. કંપનીમાં એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૨-

(૧૩) બી. ઇ. (પ્રોડ.) જ. ૧૨/૧૯૮૪, ઉંચાઈ ૫'.૪", રાજકોટ ખાતે પ્રા. લી. કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા વિસનગરા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

**નોંધ :** (૧) આપના સગા સ્નેહીઓ તેમના સંતાનો માટે બરછીમાં લગ્નવિષયક જાહેરાત આપવા ઈચ્છતા હોય તો પોતે ગ્રાહક થવાનું રહે છે...દરેકનું વર્ષ ઓગષ્ટથી જૂલાઈ ગણાતું હોઇ આ માસમાં જ લવાજમ ભરી ગ્રાહક થવા જાણ કરશો, જેથી આખું વર્ષ બરછી અને તેમાં આવતાં પાત્રોની માહિતી મેળવવાનો લાભ મળી શકે. (૨) સમાચારો ઇ-મેઇલને બદલે લખીને મોકલવા વિ. કારણ ઘણામાં ભાષા બદલાય જાય છે...જેમ કે માત્ર ??????આવે છે તેમજ ઘણીવાર સમયના અભાવે પ્રિન્ટીગના સમયે મેઈલ ન જોઈ શકાય તો રહી જવાની શકયતા પણ ખરી ! -તંત્રી

જેના અક્ષરો ખરાબ હોય તે બધા કાંઈ મહાત્મા ગાંધી નથી બની શકતા.

# ----- પરીક્ષાના પરિણામો -----

### એસ.એસ.સી.

| | | |
|---|---|---|
| પૂજન નીલેશ માંકડ (ગણિત-૧૦૦) | ૯૦% | ભાવનગર |
| કંદર્પ નીલેશ માંકડ (સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પ્રથમ) | ૮૪% | રાજકોટ |
| કવન ગિરીશભાઈ ઓઝા | ૮૦% | રાજકોટ |
| વંદિત વિરેન્દ્રભાઈ મંકોડી | ૭૬% | રાજકોટ |
| ઉર્વી મિતેષ પાઠક | ૭૬% | રાજકોટ |
| શ્રેય ચૈતન્ય અંજારીયા | ૮૫% | રાજકોટ |
| દ્રષ્ટિ નિખીલ વૈશ્નવ | ૮૬% | જૂનાગઢ |
| નિશાંત નિખીલ બુચ | પ્રથમ વર્ગ | જામનગર |
| કાવ્યા વિરાટ દેસાઈ (સ્કૂલમાં ચોથા ક્રમે) | ૮૮% | ગોંડલ |
| વિધિ ઋષિભાઈ અંજારીયા | ૮૫% | ગોંડલ |
| હર્ષ જયેશ કચ્છી | ૮૮% | વડોદરા |
| ઉર્વિ મનીષભાઈ વસાવડા | ૯૭% | વડોદરા |
| કથન જયેશ માંકડ | ૯૧% | બારોડોલી |
| રીચા જય અંજારીયા | ૮૫% | ભુજ |
| હાર્દિ અશેષ પાઠક CBSE | ૯૫% | ભુજ |
| આયુષી હીતેષ દેસાઈ (શાળામાં બીજાં સ્થાને) | ૯૨% | અમદાવાદ |
| ચિન્મય નિમીષભાઈ દેસાઈ | ૭૧% | અમદાવાદ |
| જલસ્મી ભાર્ગવ હાથી | ૮૭% | મુંબઈ |

### એચ.એસ.સી.

| | | |
|---|---|---|
| કૃપાલી વિપુલભાઈ દેસાઈ | ૭૪% | અમદાવાદ |
| રોહન મુકેશ હાથી | ૯૪% | ગાંધીનગર |
| દ્વૈત પન્નગ વોરા | ૮૯% | રાજકોટ |
| ભકિત રાહુલભાઈ મહેતા | ૯૦% | રાજકોટ |
| પ્રેરક નીલેશ માંકડ | પ્રથમ વર્ગ | રાજકોટ |
| કર્મ દીપકભાઈ ઢેબર | પ્રથમ વર્ગ | જામનગર |
| ધૈર્ય જસ્મીનભાઈ બુચ | ૭૧% | જામનગર |
| જય નીલેશ ધોળકિયા (ગણિત-૧૦૦ સ્કૂલ પ્રથમ) | ૯૨% | વડોદરા |
| કૌશલ તુષારભાઈ બુચ | ૮૫% | વડોદરા |
| તીર્થ મુનીન્દ્ર ખારોડ | પ્રથમ વર્ગ | વડોદરા |
| કુ. ખંજન હિમાંશુ દેસાઈ | ૮૪% | વડોદરા |
| અર્પિતા જીતેન્દ્ર અધ્વર્યુ | ૮૦% | ભાવનગર |
| કુ. પૃથ્વી નીલેશ વસાવડા | ૮૬% ISC | રાજકોટ |
| સેજલ અંજુભાઈ દેસાઈ | ૮૨% | ગોંડલ |
| હરિત ભાર્ગવ ધોળકિયા | ૭૧% | ગોંડલ |

### બી.એચ.એમ.એસ.

| | | |
|---|---|---|
| કુ. મુદ્રા અમિતભાઈ મહેતા (મહેસાણા ખાતે ઈન્ટર્નશીપમાં જોડાયા) | ૫૯% | મહેસાણા |

### એફ.વાય.બી.કોમ.

| | | |
|---|---|---|
| નીરજા રશ્મીનભાઈ શુકલ | પ્રથમ વર્ગ | રાજકોટ |
| પ્રણામી અશોક અંજારીયા | દ્વિતીય વર્ગ | રાજકોટ |
| સચીન સ્નેહલ દેસાઈ | પ્રથમ વર્ગ | રાજકોટ |
| શ્વેતા કૈવલ્ય વોરા (કચ્છ યુનિ.માં પ્રથમ સ્થાને) | ૭૭% | ભુજ |
| હાર્દિ દીપકભાઈ બુચ | પ્રથમ વર્ગ | વડોદરા |
| નીરજા રશ્મીનભાઈ હાથી | પ્રથમવર્ગ | વડોદરા |

### ટી.વાય.બી.કોમ.

| | | |
|---|---|---|
| પ્રત્યર્થ હિમાંશુ અંજારીયા | પ્રથમ વર્ગ | વડોદરા |
| નિશાંત મુકેશ બુચ | દ્વિતીય વર્ગ | રાજકોટ |
| જલ્પેશ સાગર મહેતા | ૭૬% | અમદાવાદ |

### બી.એસ.સી.

| | | |
|---|---|---|
| ભાવિન યજ્ઞેશ ઢેબર | પ્રથમ વર્ગ | મુંબઈ |

### એમ.એસ.સી.

| | | |
|---|---|---|
| હલક નીખીલ વૈશ્નવ | પ્રથમ વર્ગ | જૂનાગઢ |

### બી.એસ.સી.(આઈટી)

| | | |
|---|---|---|
| કૈરવી દુર્ગેશ વૈશ્નવ | ૭૦% | રાજકોટ |

### બી.એડ.

| | | |
|---|---|---|
| કુ. શિવાની પરેશ બુચ | પ્રથમ વર્ગ | જૂનાગઢ |

### બી.સી.એ.

| | | |
|---|---|---|
| માનસ ગુણેન્દ્ર પાઠક | પ્રથમ વર્ગ | ભુજ |
| નિરાલી જે. માંકડ | ૭૦% | ભુજ |

**બી.બી.એ.** ધૈર્ય કિરણભાઈ છાયા પ્રથમ વર્ગ રાજકોટ (ગતાંકમાં નામ બી.સી.એ.માં છપાયેલ)

### એમ.એ.

| | | |
|---|---|---|
| ભાવાંક પ્રશાંત બુચ | દ્વિતીય વર્ગ | અમદાવાદ |

મારા ઉપર કાદવ ફેંકનારના હાથ પણ હું જ ધોઈ દઉં હે ઈશ્વર એટલી સહનશકિત આપ.

## જયેશ અંતાણી "શેરદિલ ગુજરાતી" એવોર્ડથી સન્માનિત થયા

તાજેતરમાં તા. ૧૪ જુનના રોજ ઉજવાયેલા વિશ્વરકતદાતા દિવસ અંતર્ગત અમદાવાદ ખાતે રાજય સરકાર દ્વારા આયોજિત એક વિશેષ સમારંભમાં ભાવનગર સ્થિત શતકવિર રકતદાતા અને રેલ્વે વિભાગમાં કાર્યરત શ્રી જયેશ અંતાણીનું રાજયપાલ શ્રી, મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ માં "શેરદિલ ગુજરાતી" એવોર્ડથી સન્માન કરવામાં આવતાં ભાવેણાને રાજયકક્ષાએ અનેરૂં ગૌરવ પ્રાપ્ત થયું હતું. અત્રે ફરી નોંધ લેવી ઘટે કે શ્રી જયેશ અંતાણી છેલ્લા ૨૭ વર્ષથી રકતદાનની પ્રવૃતિમાં સંકળાયેલા રહી અત્યાર સુધીમાં ૧૦૫ વાર રકતદાન કરી ચૂકયા છે.અત્રે ઉલ્લેખનીય છે કે તેઓના પુત્ર પ્રતીકે પણ ૧૮ વર્ષની વયે રકતદાનની પ્રવૃતિને અપનાવી આજ પર્યન્ત ૨ વાર રકતદાન કરી યુવા પેઢી માટે રાહબર બની રહયા છે.

આ 'રકતદાતા દિવસ 'નાં રોજ યોજાયેલ મહારકતદાન કેમ્પમાં પિતા-પુત્રની જોડીએ રકતદાન કરી સમાજ માટે પ્રેરક બની બહયા.

**સગપણ–સગાઈ :**

- રાજકોટ સ્થિત દિવ્ય જયેશ બુચનું સગપણ રાજકોટ સ્થિત જાન્હવી અશ્વીનભાઈ જોષીપુરા સાથે.- - રાજકોટ સ્થિત કૃતાર્થ અમિષભાઈ વસાવડાનું સગપણ રાજકોટ સ્થિત દૈવજ્ઞા હિતાર્થભાઈ દેસાઈ સાથે. - રાજકોટના પાર્થ દિલીપભાઈ ધોળકિયાનું સગપણ રાજકોટનાં વિરલ પ્રદ્યુમ્નસિંહ સાથે. - કુ. બીજલ અંજુમનભાઈ દેસાઈનું સગપણ અમદાવાદ સ્થિત કૃતાર્થ વૈશ્નવ સાથે.અમરેલી નિવાસી શ્રી નલીનભાઈ આર. ઝાલાના પુત્ર પિનાંકનું સગપણ અમદાવાદ સ્થિત શ્રી હેમેન્દ્ર ઉછરંગરાય ભગત(વૈશ્નવ)નાં પુત્રી પાર્થી સાથે. - ભાવનગર સ્થિત ચંદ્રમૌલી દેસાઈનાં પુત્રી શચીનું સગપણ ગાંધીનગર સ્થિત રાજેશભાઈ મુનશીના પુત્ર આત્મન સાથે. - અમદાવાદના હર્ષિલ જયેશભાઈ ધોળ કિયાનું સગપણ અમદાવાદ સ્થિત પૂજા કર્ણિકભાઈ સાથે.

**શુભ લગ્ન :** ભુજ સ્થિત વિરેન્દ્રભાઈ હરિપ્રસાદ અંતાણીના પુત્ર કૃપલના લગ્ન ભુજના અશ્વીન ભાઈ ધોળકિયાનાં પુત્રી દિપા સાથે.

**નિમણુંક–બઢતી :** -વડોદરાના માલવ મનોજકુમાર ઢેબર જ્યોર્ડ ઈન્ટરનેશનલમાં કયુએ ડીપાર્ટમેન્ટ માં સિનીયર એકઝીકયુટીવ તરીકે નિમાયા. --અમદાવાદના જય શિરીષભાઈ બુચે મલ્ટીપ્લેક્ષ માંથી આઇનોક્ષ લેસરમાં આસી. મેનેજર ફાઇનાન્સ તરીકે બઢતી મેળવી.

**WWW.barchhi.com/wedhelp**

બરછીની વેબસાઈટ ઉપર તૈયાર કરવામાં આવેલ અનોખા "વેડ હેલ્પ" ઓનલાઈન પ્રોગ્રામમાં યુવાનો પોતાનો બાયોડેટા ,પ્રોફાઈલ પોતેજ કે વાલીઓ વિના મૂલ્યે મૂકી શકે છે. જેનો લાભ જેઓ મેમ્બર હશે તે દ્વારા તમને જ મળશે. જ્ઞાતિજનોના સૂચનોના આધારે પ્રોગ્રામમા ફેરફાર કર્યા મુજબ હવેથી અભ્યાસ, ઉમર અને શહેર મુજબ યોગ્ય પાત્ર સર્ચ કરી શકશો. ટૂંકમાં કોન્ટેકટ ડીટેઇલ સિવાય બધી માહિતી જોઈ શકાશે. આ ઉપરાંત જેઓ મેમ્બર હશે તેઓ પોતાની પ્રોફાઈલ 'એડીટ' પણ કરી શકશે... એટલેકે અભ્યાસ, ઉમર, નોકરીમાં સુધારા વધારા કરી શકશો. છતાં 'વેડ હેલ્પ' કેવીરીતે કામ કરે છે તે અંગેની વિશેષ માહિતી જાણવા અને વિના મૂલ્યે 'ડેમો મેમ્બર" બનવા 'લોગઓન' કરો...

**WWW.barchhi.com/wedhelp**

## અનંતના યાત્રીઓ :

ગિરીશભાઈ એમ. ત્રિપાઠીનું ૭૪ વર્ષની વયે અમદાવાદ ખાતે. – રઘુવીરભાઈ એસ. મહેતાનું ૮૫ વર્ષની વયે ભાવનગર ખાતે.– ભાવનગરના અમીતભાઈ દેસાઈનું સુરત ખાતે અવસાન. – કુ. ખંજન ઈન્દ્રવદનભાઈ ધોળકિયાનું ૧૫ વર્ષની વયે અંજાર ખાતે. – હરબાળાબેન નટવરલાલ છાયાનું જૂનાગઢ ખાતે. – જીતેન્દ્રભાઈ અજીતરાય વૈદ્યનું જૂનાગઢ ખાતે. – શ્રીમતી જશુબેન રજનીકાન્ત ધોળકિયાનું મોરબી ખાતે. – જૂનાગઢનાં શ્રીમતી વિણાબેન પ્રફુલ્લભાઈ છાયાનું અમદાવાદ ખાતે. – જનાર્દનભાઈ(ભાઈલુભાઈ) ગણેશરાય દેસાઈનું જૂનાગઢ ખાતે. – કૌશિકભાઈ વેણીશંકર વત્સરાજનું મુંબઈ ખાતે. – શ્રીમતી હંસાબેન ધ્રુવકુમાર વૈશ્નવનું વડોદરા ખાતે. – શ્રીમતી મીનાક્ષીબેન સુરેશભાઈ હાથીનું વડોદરા ખાતે. – શ્રીમતી મંજરીબેન મુકેશભાઈ મુકેશભાઈ કિકાણીનું ૫૬ વર્ષની વયે વડોદરા ખાતે. – શ્રીમતી સોહિનીબેન ભોગીન્દ્રભાઈ આચાર્યનું ૭૮ વર્ષની વયે જૂનાગઢ ખાતે. – શ્રીમતી દિનુબેન પ્રહલાદરાય ઢેબરનું ૭૦ વર્ષની વયે રાજકોટ ખાતે. – રાજેન્દ્રભાઈ હરસુખરાય માંકડનું રાજકોટ ખાતે. – જૂનાગઢનાં કુ. હેમકલાબેન(હોબી)જનકરાય માંકડનું ૬૧ વર્ષની વયે અમદાવાદ ખાતે. – મધુકરભાઈ (બકુલભાઈ) અજીતરાય જોષીપુરાનું ૬૩ વર્ષની વયે પોરબંદર ખાતે. કિરીટપ્રસાદ વૈષ્ણવનું રાજકોટ ખાતે ૮૩ વર્ષની વયે અવસાન.

## કર્મનિષ્ઠ મુ. અશ્વનીભાઈ બક્ષીનો દેહવિલય



મૂળ જામનગરના મુંબઈ સ્થિત વયોવૃધ્ધ આજીવન કર્મનિષ્ઠ એ. પી. બક્ષીથી પરિચિત એવા મુ. શ્રી અશ્વનીકુમાર પ્રિતમલાલ બક્ષીનું ટૂંકી માંદગી બાદ ૮૯ વર્ષની જૈફ વયે દેહાવસાન થયું. તેઓનું જીવન હંમેશા સંઘર્ષમય રહેલ. નોનમેટ્રીક થઈ જામનગર નવાનગર સ્ટેટમાં પાવરહાઉસ માં ટૂંકા પગારથી નોકરીમાં જોડાયા પરંતુ મુંબઈની ભૂમિ પોકારતી હશે તેથી ત્યાં સ્વદેશી કોઓપરેટીવ સ્ટોરમાં કંપની સેક્રેટરી તરીકે નોકરીમાં જોડાયા. મલાડમાં ઓરડીમાં રહયા. નોકરી અર્થે મુંબઈથી મલાડ જવાનું, વસ્તારી કુટુંબ નિભાવવાનું પત્ની પણ ગુણીયલ તેથી સાદગી અને કરકસરયુકત જીવન પણ જીવી જાણ્યું. ૩૫ વર્ષ પહેલાં હાર્ડશીપને કારણે શરીર લથડયું. મુંબઈના તબીરોએ હાથ ખંખેરી નાખ્યા તેથી જામનગર લઈ આવ્યા શાળા વામનભાઈ, ડો. સુરેશભાઈ – એચ.પી બક્ષી,વિરેન્દ્ર બુચ સગા કુટુંબી તેથી અને સંક્ષિપ્ત ગાયત્રી હવન, શિવ આરાધના (જે અંત સમય સુધી ચાલુ રાખેલ) જેના તપે સારવાર કારગર નિવડી અને ફરી મુંબઈ પહોંચી ગયા જ્યાં સાંઈનાથ મંદિરમાં જોડાય ગયા અને મેનેજીંગ ટ્રસ્ટી સુધી પહોંચ્યા. ત્રીસ વર્ષ નિસ્વાર્થ સેવા કરી સંપૂર્ણ વહીવટ સંભાળ્યો. સામાન્ય સ્થિતિ છતાં પરોપકારી સ્વભાવ તેથી ધર્મ સાથે દાનપૂણ્ય કરતા રહયા જામનગરના તેથી ઋણ ચૂકવવા શ્રાવણ મહીનામાં લઘુરૂદ્ર અને અન્ય પ્રસંગો માટે ફૂલપાંખડી મોકલવાનું ચૂકતા નહી. હાટકેશ વાડીના નિર્માણ સમયે તે નિમિત્તે મુંબઈ ખાતે સપ્તાહ કરી રૂા. એકલાખ અગીયાર હજાર જેવી રકમ એકત્ર કરી મોકલેલ. તેઓ સારા કલમનવેશ પણ હતા સ્વાનુભવની દ્રષ્ટાંત વાતોનો બરછીના વાંચકોને પણ લાભ મળેલ છે.

વિકટ પરિસ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ રહી જીવન વ્યતિત કરનાર અશ્વીનભાઈના આત્માની શાંતિ પ્રાર્થીએ.

વ્યકિતબીજાની સલાહો પ્રમાણે જીવ્યા કરે તો વ્યકિતની સ્થિતિ ઘડિયાલના લોલક જેવી બની જાય છે.

## ખીલવ મજમુદાર ઓલિમ્પીયાડમાં પ્રથમ સ્થાને



વડોદરાસ્થિત શ્રી જયેશ -દર્શના મજમુદારના પુત્ર ખીલવ ધો.૧૦માટેની દિલ્હી સ્થિત એસ.ઓ.એફ. આયોજીત નેશનલ સાયબર ઓલિમ્પીયાડ લેવલ ૨ની પરીક્ષામાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ સાથે ઉતિર્ણ થયા.ખીલવ જુગલકિશોર ડી. મજમુદારના પૌત્ર અને સ્વ.શ્રી પ્રબોધચંદ્ર ડી. જોષીપુરાના દોહિત્ર થાય.

## વત્સલ દેસાઈ ઓલિમ્પીયાડમાં બીજા સ્થાને

તાજેતરમાં લેવાયેલ ઈન્ડીયન સાયન્સ ઓલિમ્પીયાડ ૨૦૧૦-૧૧ ની પરીક્ષામાં રાજકોટ સ્થિત વત્સલ ધવલભાઈ દેસાઈ કેન્દ્રમાં બીજા સ્થાને અને સમગ્ર દેશમાં ૧૭ મા સ્થાને ઉતિર્ણ થયા.ધો. ૯ના ૬૫૫૭ વિદ્યાર્થીઓમાંથી તેમણે આ સ્થાન મેળવેલ છે.ચિ. વત્સલ સ્વ.મહેશચંદ્ર વીરપ્રતાપરાય દેસાઈના પૌત્ર થાય.

## આદિત્ય ધોળકિયા જી. કે.માં ગુજરાતમાં પ્રથમ સ્થાને



વડોદરા સ્થિત શ્રી હિરેન તથા શ્રીમતી મેઘના ધોળકિયાના પુત્ર ચિ. આદિત્યએ ડીસેમ્બર ૨૦૧૦માં લેવાયેલ જનરલ નોલેજની પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક અને સમગ્ર દેશમાં ચોથા ક્રમ સાથે સફળતા મેળવી મેડલ,પારિતોષિક તથા પ્રમાણપત્ર મેળવ્યા.ચિ. આદિત્ય સ્વ. દિલીપભાઈ અને અરૂણાબેન ધોળકિયાના પૌત્ર અને રાજકોટ સ્થિત જયંતભાઈ તથા મીરાંબેન બક્ષીના દોહિત્ર થાય.

## વિશિષ્ટ સિધ્ધિ મેળવતાં શ્રીમતી ઋજુતા યોગી ધોળકિયા


અમદાવાદનાં ઋજુતા યોગી ધોળકિયાએ પ્રથમ એમ.કોમ.ની માસ્ટર્સ ડીગ્રી, મુંબઈ યુનિવર્સિટી માંથી મેળવી. પરંતુ નૃત્યનો શોખ અને લગન તેથી ફરી ધો. ૧૨થી અભ્યાસ શરૂ કરીને બી.એ.ની ડીગ્રી તેમાં મેળવી, તેમાં આગળ વધી મુંબઈ સ્થિત નાલંદા નૃત્યકલા મહાવિદ્યાલયમાં બીજાં સ્થાન સાથે 'ભારત નાટયમ' માં પોસ્ટ ગ્રેજયુએટની બીજી ડીગ્રી એમ.પી.એ.(માસ્ટર ઓફ પરફોર્મિંગ આર્ટસ) પણ મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવી કુટુંબ તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેઓએ શ્રી અરવિંદ સોસાયટી,વડોદરા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં મહર્ષિ અરવિંદ રચિત 'સાવિત્રી' કાવ્ય ઉપર નૃત્યનાટિકા ''સાવિત્રી'' માં શ્રી ઉમા અંતાણીના ગ્રુપમાં સાવિત્રીની સખી તરીકે સુંદર 'ભારત નાટયમ' નૃત્યકલા પ્રદર્શિત કરી પ્રેક્ષકોની પ્રશંસા મેળવેલ. સૌ. ઋજુતા એ ખેવના-કંદર્પ ધોળકિયાના પુત્રવધૂ અને રેખાબેન-વિરેન્દ્રભાઈ અવાશિયાના પુત્રી થાય છે.

## કુ. સ્તુતિ મંકોડી એન.ઈ.ટી.માં ઉત્તીર્ણ થયાં



રાજકોટનાં કુ. સ્તુતિ કેતનભાઈ મંકોડી તાજેતરમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ પ્રાધ્યાપક થવા અનિવાર્ય એવી UGC દ્વારા લેવાતી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ(NET)માં પ્રથમ પ્રયાસે જ ઉત્તીર્ણ થયાં. અભિનંદન.

## વંદિત છાયા અમરેલી કેન્દ્રમાં છઠા ક્રમે ઉત્તીર્ણ



માર્ચ ૨૦૧૧ માં લેવાયેલ એસ.એસ.સીની પરીક્ષમાં પ્રહલાદરાય કૌશિકરાય છાયાંના પુત્ર વંદિત છાયા ૯૯.૪૯% સાથે અમરેલી કેન્દ્ગમાં છઠઠા ક્રમે ઉત્તીર્ણ થઈ કુંટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

## હર્ષ બુચ એસ.એસ.સી.માં ગાંધીનગર કેન્દ્રમાં સાતમા ક્રમે ઉત્તીર્ણ



ગાંધીનગર સ્થિત શ્રી પરેશ નરેન્દ્રભાઈ બુચના પુત્ર ચિ. હર્ષ પરેશ બુચ માર્ચ-૨૦૧૧માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૪.૬૦%(૯૯ પર્સન્ટાઈલ) સાથે તેની શાળામાં પ્રથમ ત્થા સમગ્ર ગાંધીનગર શહેરમાં ૭મું સ્થાન મેળવી સમગ્ર જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. આજના સમયમાં વિશેષતા એ છે કે હર્ષે પોતાની શૈક્ષણિક કારકિર્દી માટે કોઈપણ કોચીંગ કલાસીઝ કે ટયુશનનો સહારો લીધો જ નથી. તેમણે સ્વપરિશ્રમ ત્થા માતા ભાવનાબેન અને પિતા પરેશભાઈએ આપેલાં માર્ગદર્શન દ્વારા આ જ્વલંત સફળતા મેળવી છે. હર્ષ રાજકોટનાં વતની શ્રી નરેન્દ્રભાઈ ટી.બુચના પૌત્ર ત્થા અમદાવાદ સ્થિત શ્રી લલિતભાઈ હરિપ્રસાદ વછરાજાનીના દોહિત્ર છે.

## મૃગાંક હાથી એમ.બી.એ. થયા



અમદાવાદ સ્થિત શ્રી નીતીનભાઈ હાથી તથા બંસરીબેન હાથીના પુત્ર ચિ. મૃગાંક હાથીએ બી.ઈ.એન્જીનીયરીંગ (એલ.ડી.અમદાવાદ) તથા ગોયોક મુંબઈથી એમ.બી.એ. કર્યા બાદ બેંગલોર વિપ્રો ખાતે નિમાયા છે.મૃગાંક રાજકોટના સ્વ.કાંતિલાલ હાથી (સુપ્રિમ કોર્ટ દિલ્હી) તથા સ્વ. કૈશલ્યાબેન ના પૌત્ર અને ભુજ નિવાસી સ્વ. ડો. ભાનુશંકર છાયા તથા સ્વ. ઉર્મિલાબેન છાયાના દોહિત્ર થાય.

## ભાર્ગવ માંકડ બી. ટેક. થયા



રાજકોટ સ્થિત શ્રીમતી હીનાબેન તથા શ્રી દીપકભાઈ એમ. માંકડનાં પુત્ર ચિ. ભાર્ગવ અમદાવાદ ખાતેની નિરમા યુનીવર્સિટીમાંથી બી. ટેક. (આઈ. સી.) માં ૮૦% સાથે ઉત્તીર્ણ થઈ ઈન્ફોસીસ કંપનીમાં બેંગલોર ખાતે સિસ્ટમ એન્જીનીયર તરીકે પસંદગી પામ્યા. ચિ ભાર્ગવ શ્રી મંજુભાઈ કેશવલાલ માંકડ અને શ્રીમતી અવંતિકાબેન મંજુભાઈ માંકડના પૌત્ર તથા સ્વ.શ્રી જયેન્દ્રભાઈ શંકરલાલ વત્સરાજ અને સ્વ. ઉષાબેન જયેન્દ્રભાઈ વત્સરાજના દોહિત્રી થાય.અભિનંદન સહ શુભેચ્છા.

## અખિલ ભારતીય નાગર પરિષદ-જુનાગઢ

સંસ્થાના ઉપક્રમે ચૈત્રી નવરાત્રી દરમિયાન સાંસ્કૃતિક પરંપરા ઉજાગર રાખવા સંસ્થાના સક્રિય કાર્યક્રર સુ.શ્રી.મહાશ્વેતાબેન વૈદ્યના માર્ગદર્શન હેઠળ ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતું. પ્રમુખશ્રી આર. પી બુચ તથા કારોબારીની જહેમતથી બહોળી સંખ્યામા જ્ઞાતિજનોએ લાભ લીધેલ. તા.૧-૫ ના રોજ ગીર મધ્યે બિરાજમાન કનકાઈ માતાજીના મંદિરનાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ તું જેમા જોડાયેલ ૧૧૫ જ્ઞાતિબંધુઓએ ગિરદર્શન,ગરબા બાદ બુંદીના લાડુ, પુરી,બટેટાવડાં સમેતની વાનગી આરોગેલ.પ્રવાસના સંયોજક મહાશ્વેતાબેન વૈદ્યનું મંદિર તરફથી ચુંદડી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ,પ્રવાસના સુંદર આયોજન અને વ્યવસ્થા બદલ આયોજકોએ જ્ઞાતિજનોની વાહ વાહી મેળવેલ.

---

**<u>અર્ઝ કીયા હૈ...</u>**

-- જીવનમાં કવચીત આવતી કાજળઘેરી અમાસનો વ્યર્થ શોક શું કામ ?<br>
અહીં કેટલાયના પંચાગમાં પૂનમ હોતી જ નથી કયારેય 'પરેશ'<br>
-- સાત દાયકા જીવનના વટાવીને એટલું જ સમજ્યો છે 'પરેશ'<br>
જીવનના ગણિતમાં સાતડા પછી પણ શૂન્ય જ રહયું છે શેષ ! – પરેશ વોરા,રાજકોટ.

# ઔષધ નિષ્ણાત સુરેશભાઈ દેસાઈનો દેહવિલય



ફાર્માસ્યુટીકલ વ્યવસાયના ભીષ્મપિતામહ સમાન શ્રી સુરેશભાઈ દેસાઈ(વસાવડના ડો. નંદકિશોર ગીરજાશંકર દેસાઈના પુત્ર અને રાયબહાદુર સ્વ. સુંદરલાલ દેસાઈના દોહિત્ર)નો દેહવિલય થયો. પ્રાથમિક શિક્ષણ વસાવડમાં, હાઈસ્કૂલ અને કોલેજ શિક્ષણ રાજકોટમાં મેળવ્યું. રાજકોટની રહેણાંક દરમ્યાન સ્વ. શાંતિભાઈ ધોળકિયા, મનહરભાઈ – હર્ષવન્તભાઈ હાથી સંચાલિત હાટકેશ વ્યાયામ સંઘના સક્રીય સભ્ય રહેલા સુરેશભાઈ દાવપેચમાં માહીર હતા. આ ચુસ્તી–સ્ફૂર્તિ દ્વારા કોલેજકાળ દરમ્યાન એથ્લેટીકસમાં અનેકવાર વિજેતાપદ મેળવેલ.

વડોદરા ખાતે બી.એસ.સીના અભ્યાસ બાદ ૧૯૪૭માં અમદાવાદ ખાતે શરૂ થયેલ ભારતની પ્રથમ ફાર્મસી કોલેજમાં પ્રથમ બેચમાં જોડાઇને બી.ફાર્મની પદવી મેળવી.ત્યારબાદ તેઓએ ઝંડુ ફાર્માસ્યુટીકલથી કારકિર્દીની શરૂઆત કરી. ૬૦ વર્ષની કારકિર્દી દરમ્યાન મે એન્ડ બેકર, જોફરે મેનર્સ, ફાર્મેડ, કેડીલા જેવી અનેક ખ્યાતનામ કંપનીઓમાં ઉચ્ચ સ્થાને રહી પોતાના અનુભવનો લાભ આપ્યો. અંતમાં કેડીલા હેલ્થકેરમાં વાઇસપ્રેસીડન્ટ તરીકે ફરજ બજાવેલ તેમજ કંપનીના ડાયરેકટર શ્રી રમણભાઈ પટેલના તકનીકી સલાહકાર તરીકે પણ નિયુકતી મેળવેલ.ત્યારબાદ નોકરીને તીલાંજલિ આપી 'કન્સલ્ટન્સી સર્વિસ' દ્વારા અનેક કંપનીઓને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

સુરેશભાઈએ પોતાના કાર્યકાળ દરમ્યાન અનેક માન–સન્માનો મેળવેલ જેમાં ૧૯૯૫માં ઈન્ડીયન ફાર્માસ્યુટીકલ એસો.ની ફેલોશીપ, ૨૦૦૩માં લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, ૨૦૦૯માં આચાર્ય પી. સી. રાય મેમોરીયલ એવોર્ડનો સમાવેશ થાય છે. તેઓ ઈન્ડીયન ફાર્માસ્યુટીકલ એસો.ના આજીવન સભ્ય ઉપરાંત વિવિધ હોદાઓ શોભાવી ૫૦ વર્ષથી વધારે સમય માટે કાર્યરત રહયા હતા. તેઓએ મુંબઈની ફાર્મસી કોલેજનું સભ્યપદ મેળવેલ તેમજ કેન્દ્રસરકારના CDSCO તરફથી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની ચકાસણી સમિતિના સભ્યોની નામાવલિમાં સ્થાન મેળવવાનુ બહુમાન પણ મેળવેલ.


ખંતીલા,અનુભવી સુરેશભાઈની વિદાયથી દેશને કાબીલ ઔષધનિષ્ણાતની ખોટ પડી છે.

## તેજસ્વી વિદ્યાર્થીનીઓ...

(૧) વડોદરા સ્થિત શ્રી પરાશર દિલસુખરાય બક્ષી ત્થા શ્રીમતી જાગૃતિ બક્ષીનાં પુત્રી **કુ.વૃષા**એ



ધો.૭માં ૯૦% સાથે પ્રથમ સ્થાને ઉતીર્ણ થવા બદલ તેમજ શાળા દ્વારા થોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં Is compalsary promotion to std VIII as envisaged in the right to education act a step in the right direction ? આ વિષય પર, હિન્દીમાં टीवी पर दर्शाये गये रीयालीटी शो की बच्चों पर असर, તેમજ ગુજરાતીમાં 'વૃક્ષો માણસ ને જીવન બક્ષે છે' વિષય ઉપર વકતવ્ય સાથે પ્રથમ સ્થાન તેમજ લોકનૃત્યમાં પણ પ્રથમ સ્થાન મેળવવા બદલ રજતચંદ્રક તેમજ શીલ્ડ પ્રાપ્ત કર્યા. તેણીને અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓમાં અગ્ર રહેવા બદલ પ્રાથમિક વિભાગનો 'સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો.



(૨) ભાવનગર સ્થિત **ચિ. કહાની ઉત્કર્ષભાઈ મહેતા**એ માર્ચ ૨૦૧૧ માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કુલ ૫૦૦ માંથી ૪૪૯ ગુણ મેળવી ૮૯.૮% સાથે શ્રી મુકતાલક્ષ્મી વિદ્યાલયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા તેમજ કુટુંબનું ગૌરવ વધાર્યુ છે.

બંને તેજસ્વી બાળાઓને અભિનંદન–શુભેચ્છા...

મહત્વાકાંક્ષાનો અતિરેક કરનાર વ્યકિતને અજંપાની ભેટ મફત મળે છે...

## ડો. રશ્મિકાન્ત મહેતા સાહિત્યકાર ગૌરવ પુરસ્કારથી સન્માનિત

તાજેતરમાં ગાંધીનગર સ્થિત ડો. રશ્મિકાન્ત પદ્મકાન્ત મહેતાને સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષા સાહિત્યના વિકાસ અને ઉત્કર્ષમાં સર્જન, વિવેચન તથા સંશોધન દ્વારા ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ તેઓની દીર્ઘકાલિન સાહિત્ય સેવા અને નોંધપાત્ર પ્રદાન બદલ ચાલુ વર્ષનો સાહિત્યનો ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. ટાઉનહોલ ખાતે યોજાયેલ સમારંભમાં રાજ્યના મંત્રીશ્રીના વરદ્ હસ્તે રશ્મિનભાઈને રૂા. એક લાખ, શાલ અને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અત્રે તેઓની યશસ્વી કારકિર્દીની નોંધ લેવી ઘટે... મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમીના નિયામક તરીકે અમદાવાદથી નિવૃત્ત થનાર ડો. રશ્મિકાન્ત મહેતા એમ.ફિલ., પી.એચ.ડી., અનુવાદ વિશારદ છે. તેઓએ સ. ૫. યુનિ. એવોર્ડ, ઉત્તમ શિક્ષક તરીકેનું સારસ્વત સન્માન મેળવેલ છે. ઉપરાંત વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ ઓસ્ટ્રીયામાં પેપર રીડીંગ, યુનાઈટેડ રાઈટર્સ એસો. ચેન્નાઈ તરફથી ફેલોશીપ એવોર્ડ, ઓલ ઈન્ડીયા ઓરીએન્ટલ કોન્ફરન્સ કલકતામાં બેસ્ટ પેપર અવોર્ડ મેળવી એશીયા અમેરીકા તથા પેસિફિકમાં 'વ્હુઝ વ્હુ'માં સમાવેશ થયેલ છે તેમજ રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દિલ્હી દ્વારા નેશનલ એવોર્ડ તથા ૨૦૦૯માં શાસ્ત્રચૂડામણિથી સન્માનિત થયેલ છે.

સંસ્કૃત ભાષાને ઉજાગર રાખી આ એવોર્ડથી જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર મૂર્ધન્ય સાહિત્યવિદ્ રશ્મિનભાઈને ગર્વભેર અભિનંદન પાઠવીએ.

## ખ્યાતિપ્રાપ્ત ડો. અભય વસાવડાને પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો

અમદાવાદ સ્થિત ખ્યાતિપ્રાપ્ત આંખના સર્જન ડો. અભય વસાવડાને તાજેતરમાં તબીબી વિશ્વમાં પ્રતિષ્ઠાવાન લેખાતો 'ડો. બ્રિન્ખ્રોસ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. જે અમેરીકન સોસાયી ઓફ કેટરેકટ એન્ડ રિફ્રેકિટવ સર્જન દ્વારા નેત્રમણિ મૂકવાની કામગીરીમાં અસાધારણ પ્રદાન કરનાર તબીબને આપવામાં આવે છે. સમાજ માટે ગૌરવની બાબત છે કે ૧૯૯૬માં જાપાનના તબીબને આ અવોર્ડ મળ્યા પછી ડો. અભય વસાવડા આ એવોર્ડ મેળવનારા બીજા એશીયન તબીબ બન્યા છે. સ્વાભાવિક છે આપણી છાતી ગજગજ ફૂલે કે તેઓ નાગર જ્ઞાતિના સપૂત છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૧૨ વર્ષમાં અંદાજે ૧૫૦૦ બાળકોની મોતિયાની સારવાર કરી ચૂકયા છે જે પૈકી ૩૦૦ ઉપરાંત બાળકોની સારવારનો ખર્ચ તેઓએ પોતે જ ભોગવેલ છે. ઉપરાંત રઘુદીપ ફેલોશિપ હેઠળ તૈયાર થયેલા ૧૫૦ જેટલા આંખા ડોકટરો દેશવિદેશમાં ફેલાયેલા છે. આ મૂલ્યવાન સન્માન બાદ આ સૌ તબીબોએ પોતાના ગુરૂ સમાન ડો. અભય વસાવડાનું આ વિદ્યા શીખવવા બદલ સન્માન કરતાં સર્જન છતાં સંવેદનશીલ, માનવતાવાદી અને ગુણીયલ સજ્જન સર્જને આ સન્માનનો શ્રેય અને સિદ્ધિને વ્યકિતગત નહી પરંતુ ટીમવર્કની સિદ્ધિ ગણાવી હતી.

આંખની સારવાર માટે પર્યાયસમાન લેખી શકાય તેવા ડો. અભય વસાવડાને સિદ્ધિ બદલ જ્ઞાતિ વતી ગૌરવભેર અભિનંદન સાથે વધુને વધુ લોકોના જીવનમાં પ્રકાશ અને ઉજાસ ફેલાવો તેવી શુભકામના પાઠવીએ.

(માહિતી સૌજન્ય : મુનીભાઈ વસાવડા,જૂનાગઢ) આવા સમાચારો દ્વારા જ્ઞાતિ સાથે બરછીને પણ ગૌરવ બક્ષનાર આવી વ્યકિતઓની માહિતીની જાણ થાય તો કુટુંબીજનો-જ્ઞાતિજનોએ લખી મોકલવા વિનંતી સાથે ઈજન છે. કારણ બરછીને 'પેઇડ'પત્રકારો નથી. સૌના ઔદાર્યપૂર્ણ સહયોગથી જ આજે પણ પ્રકાશન ચાલી રહયું છે.

## રાજકોટના હાટકેશજનના ઉપક્રમે ત્રિવિધ કાર્યક્રમ યોજાય ગયો

ગત તા. ૧૬ એપ્રિલના રોજ રાજકોટ ખાતે હાટકેશજનનાં ઉપક્રમે આત્મીય એન્જીનીયરીંગ કોલેજના ઓડીટોરીયમ ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન થઈ ગયું.

સ્વાગત વિધિ બાદ સહકારી ક્ષેત્રના અગ્રણી અને ચુસ્ત ગાંધીવાદી વિચારસરણી ધરાવતાં શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈનું યોગીધામના સ્વામી શ્રી ત્યાગવલ્લભદાસ દ્વારા સન્માન કરવામા આવ્યા બાદ મહાનગર પાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પદે વરાયેલા શ્રી દેવાંગ પ્રદ્યુમ્નભાઈ માંકડ તથા ક્રિકેટ વર્લ્ડકપમાં ગુજરાતી કોમેન્ટ્રે ટર તરીકે પસંદગી પામેલા શ્રી નીલેશ માંકડ તથા ઢોલ નગારા દ્વારા નામના મેળવેલ તુષાર પોટાનું સન્માન કરવામાં આવ્યું હતું

ત્યારબાદ જાણીતા કટારલેખક ,પત્રકાર શ્રી જવલંત છાયા એ "નાગરત્વ ઐતિહાસિક કે ઈતિહાસ તરફ" વિષયને કેન્દ્રમાં રાખી નાગરોને આધુનિક યુગમાં વટભેર પદાર્પણ કરવા કડવી છતાં સચોટ વાતો રજુ કરી હતી. આ ઉપરાંત અમદાવાદની પી.આર.એલ.માં કાર્યરત ડો. ભૂષિત ગિરિશભાઈ વૈષ્ણવે "નરસિંહની કવિતા વૈજ્ઞાનિક દ્રષ્ટિએ" વિષય ઉપર પાવર પ્રેઝન્ટેશન સાથે આધુનિક વિજ્ઞાનની વાતો પ્રકાશમા આવ્યા પહેલા જ નરસિહ મહેતાએ તેમના કાવ્યોમા રજૂ કર્યાનું પ્રસ્થાપિત કરેલ.

કાર્યક્રમના અંતિમ તબકકામાં હારમોનીયમ, વાયોલીન,તબલા,ઢોલ,નોબત,વાંસળી, દ્વારા જ્ઞાતિ અને ઇતર જ્ઞાતિના કલાકારોએ તાલવાદ્ય કચેરીના નવતર પ્રયોગના કાર્યક્રમમાં વિવિધ રાગ રાગિણી રજુ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી રાજીવ વછરાજાનીએ તથા આભારવિધિ શ્રી દેવાંશુ દેસાઈએ કરી હતી.


## SLK TOURS & TRAVELS

**PROFESSIONAL TOUR AND TRAVEL SOLUTIONS AT YOUR BUDGET...**

**- Air Travel/Booking**
**- Rail Reservation-Bus booking**
**- Holiday Tours & Packages**
**- Hotel Booking-Car Rental**

**Contact :**
**H.O. PARLE-MUMBAI**
**Ms. Shweta Vaidya 09699444771**
Or Mail @: ***slktravelworld@gmail.com***
***shwet v@gmail.com***

**Branch : SURAT - Mrs. Laxita Buch**
**9825022027 / 9374075275 / 9427888843**
Or Mail @: ***prarthitravels@gmail.com***

**Branch : Ahmedabad**
**Mr. Jaydeep Buch**
**9825593262 / 079-26642506**
Or Mail @: ***jambuch@gmail.com***

## ABM TRAVELS

**Deepawali/Winter Dhamaka**
**Singapore-Malaysia (5N/6D) Rs.52750**
**Singapore-Malaysia-Thailand (9N/10D) Rs.67750 per Adult/HongKong-Shenzhan (6N/7D)Rs.67750, Dubai(5D)Rs.33750 (4D)Rs.29999-All Inclusive.**
**Honeymoon tours :** Kerala/Rajasthan/Himachal/Goa/Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka Langkavi-Penang/Phuket-Krebi-Samui
**Mountain Resort :** Nainital-Mussoorie/Darjeeling-Gangatok - Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Beach Resort :** Goa/Kumarakom-Alleppy/Kovalam-
**Cruise tours :** STAR cruise : Singapore-Malaysia-Thailand - Royal Cerribian : Mediterranean/Scandinevia MSC cruise : Northern Europe/Medi
**Pilgrims :** CharDham/ Amarnath/Kailas-Mansarovar - Vaishnodevi/Tirupati/Ashta Vinayak Panch Jyotirlings/Shirdi-Shinganapur
Booking of International destinations

**SOTC THOMAS COOK COX & KING**
**STAR TOURS CLUB 7 KESARI**
**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

આપનું લવાજમ પુરૂં થાય છે...

# યાદ છે ને ?

આપનું (દરેકનું) લવાજમ આ માસમાં પુરૂં થાય છે...ઓગષ્ટથી શરૂ થતાં નવાં વર્ષ આપનું લવાજમ **રૂા. ૧૦૦/–** પ્રતિનિધીને, મ.ઓ. થી, બેંક દ્વારા કે સીધુ કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

ફરી એક વધુ વર્ષ પૂરૂં થયું...આપ આપને અનુકુળ કોઈપણ રીતે લવાજમ ભરી શકો છો. બેંકિંગ સુવિધા સુલભ થતાં આપનું લવાજમ **બેંક ઓફ બરોડા, કાલાવડ રોડ બ્રાંચ, કલમ કડછી બરછી કરંટ એકાઉન્ટ નંબર 15010200000110માં જમા કરાવી શકો છો.** રકમ જમા કરાવ્યાની સ્લીપની ઝેરોક્ષ કાર્યાલયે મળતાં આપને અંક મોકલવામાં આવશે. સ્લીપ પાછળ / સાથે આપનું નામ, સરનામું, ફોન નંબર અને ગ્રાહકનંબર અચૂક લખશો. મનીઓર્ડરથી મોકલો તો સેટેલાઈટ–ઈલે. મ.ઓ.માં વિગત ગ્રાહક નંબર લખી શકાતા તેથી મ.ઓ. કર્યા બાદ ફોનથી ગ્રા.નં. લખાવી દેવા નમ્ર વિ. છે. મ.ઓ. કર્યા બાદ વડીલો તો આજે પણ પોસ્ટકાર્ડ લખે છે તેઓની આ ચોકસાઈની સાભાર નોંધ લેવી ઘટે.ટૂંકમાં લવાજમ ગમે તે રીતે મોકલો તેમાં આપનો ગ્રાહક નંબર અચૂક નોંધાવશો

૧૦ ઓગષ્ટ સુધીમાં લવાજમ મળેલ દરેક ગ્રાહકોને બરછીના ઓગષ્ટના અંકની એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 7- 2012 પ્રિન્ટ થયેલ આવે નહીં અને (7- 2011 આવે) તો તુરત કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી. એકવાર બરછીની સ્લીપમાં RENEWED UPTO 7- 2012 આવી જાય પછી અંક ન મળવાની ફરીયાદ (ઘણી રહે છે) આપના વિસ્તારની જે તે પોસ્ટઓફીસમાં કરવાની રહે છે. કારણ રીન્યુ થતા દરેક ગ્રાહકોનું દર મહીને કોમ્પ્યુટર મેઈલીંગ લીસ્ટનું પ્રિન્ટઆઉટ કાઢવામાં આવે છે અને અમારાં કુટુંબીજનો જ તે સ્ટીકર ચોડવાની સેવા આપી રહેલ છે. તેમજ રજીસ્ટર ન્યુઝપેપર તરીકેનું લાયસન્સ હોવાથી નિયત ૨૧ તારીખે જ **RMS**માં ગામેગામના અને રાજકોટના તો પીનકોડ નંબર પ્રમાણે સોર્ટીંગ કરી,બંચ બાંધી અંક પોસ્ટ કરવામાં આવે છે. હા, જાણ કરવાથી અંક સ્ટોકમાં હોય તો બીજી નકલ મોકલવામાં પણ આવશે. પરસ્પરના સહકાર ઉપર જ બરછી નિર્ભર છે...આભાર...–તંત્રી.

**હોમ ફોર ગર્લ્સ (આ હોસ્ટેલ નથી)**

"રાજકોટમાં રહીને વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી નાગર વિદ્યાર્થીનીઓ માટે..."

**સુવિધાઓ :**

(૧) સ્વતંત્ર રહેવાની વ્યવસ્થા (રૂમ શેરીંગ) (૨) બન્ને ટાઈમ જમવાની તથા ચા–નાસ્તા ની વ્યવસ્થા (૩) પ્રફુલ્લીત અને સુંદર વાતાવરણ (૪) પાર્કીંગની વ્યવસ્થા (૫) કાલાવડ રોડ સ્થિત શાળા કોલેજથી તદ્દન નજીક (૬) માત્ર ૬ જ વિદ્યાર્થીનીઓ

'વહેલા તે પહેલાના ધોરણે

(નાગરને પ્રથમ પસંદગી)

**સંચાલક : શ્રીમતી ખુશી નિર્મિત છાયા**

**મો. ૯૩૭૫૩૩૨૧૧૧**

**ઘર : ૦૨૮૧–૨૩૩૨૧૧૧**

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**

સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ

ગોલવાડ, બરોડા બેન્કની બાજુમાં,

સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫

**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,' Sanjog' Harihar Society,
Kalawad Rd. Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩

ક્ષિતિજની પણ પેલેપાર જવા ઈચ્છતા લોકો ક્ષિતિજનું સૌંદર્ય પણ નથી માણી શકતા.